

નાતાલ પર્વની ઉજવણી - શહેરના ખ્રિસ્તી પરિવારો દ્વારા નાતાલ પર્વની ઉજવણી ભાવપૂર્વક કરાઈ હતી... સવારે અને સાંજે ચર્ચમાં પ્રાર્થનામાં મોટી સંખ્યામાં ખ્રિસ્તી પરિવારો ઉમટ્યા હતા... જ્યારે ઘરે-ઘરે ભગવાન ઈશુના જન્મસમયની દૃશ્યોની ઝાંખી નિર્માણ કરાઈ હતી... જ્યારે મોડીસાંજે શહેરની હોટલોમાં શાંતાક્લોઝની ચોકલેટે બાળકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું... શહેરના પાંચેય ચર્ચમાં ભવ્ય રોશનીથી સજાવાયા હતા... અને પરિવારોની આવન-જાવનને કારણે મોડીસાંજે શહેરના સરગાસણ વિસ્તારમાં ટ્રાફીક જામના દૃશ્યો સર્જાયા હતા...

# શહેર-જિલ્લામાં કોરોનાનો એક-એક કેસ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક-એક કોરોનાના કેસ નોંધાતા તંત્ર દોડતું થઈ ગયું છે. શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે કેસોની સંખ્યા ૩૩ થઈ છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા ૮ થઈ છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ મિલીટ્રી સ્ટેશનમાં એક ૧૩ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ વિદ્યાર્થીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ વિદ્યાર્થીનીના સંપર્કમાં આવેલ પરિવારના પાંચ સભ્યોને હોમ આઈસોલેટ કરાયા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૩૭૮ લોકોને ક્વૉરન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવ દિવસ પછી કેસે દેખા દીધી હોવાથી તંત્રએ ગ્રામ્ય વિસ્તારમાં ફરજો બજાવતા તમામ તબીબી અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી થાય તે જોવા માટે સૂચના આપી છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે વધુ એક કેસ નોંધાયો છે. શહેરમાં આ સાથે નોંધાયેલા કેસોની સંખ્યા ૩૩ થઈ છે.

શહેરમાં બીજી લહેર દરમિયાન અતિ સંવેદનશીલ બેનલ સેક્ટર-૨માંથી આજે કેસ મળી આવેલ છે. સે.૨માં રહેતા અને ખાનગી નોકરી કરતાં ૪૧ વર્ષીય પુરુષનો રિપોર્ટ આજે પોઝિટિવ આવ્યો છે.

તાવ અને શરદીને લઈ આ વ્યક્તિએ ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ દર્દીએ વેક્સિનના બંને ડોઝ લીધા છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે.૨માં આજે મળેલ દર્દીએ એક સપ્તાહ પહેલા રાજસ્થાનના જેસલમેરની મુલાકાતલીધી હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં નોંધાયેલા કેસોમાં મોટાભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી રહી હોવાથી તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૫૭ કેન્દ્રો અને ૧૩૮૪૭ વિદ્યાર્થીઓ જીપીએસસી વર્ગ-૧-૨ની પરીક્ષા આપશે

**આજે રાજ્યમાં જીપીએસસી દ્વારા વર્ગ-૧-૨ની ભરતી માટે પરીક્ષા યોજાશે : રાજ્યમાં ૧,૯૯,૬૬૯ પરીક્ષાર્થીઓ નોંધાયા છે**

ગાંધીનગર, તા.૨૫

ગુજરાજ જાહેર સેવા આયોગ દ્વારા આજે વર્ગ -૧ અને ૨ની ૧૮૩ જગ્યાઓની ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે.

ગાંધીનગર જિલ્લામાં આ પરીક્ષા માટે ૫૭ જેટલા કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે તેમજ ૧૩,૮૪૩ જેટલા પરીક્ષાર્થીઓ નોંધાયેલા છે.

આજે યોજાનાર આ પરીક્ષા માટે તંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય જાહેર સેવા આયોગ દ્વારા લેવાનારી આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે આખા રાજ્યમાં ૭૮૫ કેન્દ્રો નિયત કરવામાં આવેલા છે.

આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે આખા રાજ્યમાં ૧,૯૯,૬૬૯ ઉમેદવારો નોંધાયેલા છે. આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૨૦૦ માર્કસના કુલ બે પ્રશ્નપત્રો રહેશે.

આ પરીક્ષા માટે દરેક જિલ્લામાં અલાયદા સ્ટ્રોંગરૂમ તેમજ પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

## ભૂપેન્દ્ર પટેલ સરકારનો સંવેદનશીલ નિર્ણય

# પ્રાથમિક - માધ્યમિક - ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરાશે

**પ્રવાસી શિક્ષકોને માસિક મહત્તમ વેતનની મર્યાદા પણ સરકારે નિયત કરી જિલ્લાઓ પાસેથી દરખાસ્તો મંગાવી**

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોની ઘટને પહોંચી વળવા અને વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય પર કોઈ વિપરીત અસરો ના પડે તે માટે હવે 'પ્રવાસી શિક્ષકો'ની પ્રથા અમલી બનાવવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

કોરોનાની મહામારીને પગલે રાજ્યભરમાં શિક્ષકોની ભરતી થઈ શકી નથી અને વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થનાર શિક્ષકોની સંખ્યા મોટી છે.

દિપાવલી પછી સરકારે ઓફલાઈન શિક્ષણ પ્રથા ચાલુ કરી છે પરંતુ શિક્ષકોની ઘટનો મુદ્દો સામે આવતાં બાળકોના શિક્ષણ પર વિપરીત અસરો પડી રહી હોવાની વાતને ધ્યાને લઈ રાજ્ય સરકારે માધ્યમિક, અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણની સાથે સાથે હવે પ્રાથમિક શિક્ષણમાં પણ 'પ્રવાસી શિક્ષક'ની નિતી અમલી બનાવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ પ્રવાસી શિક્ષકોને તાસ દીઠ વેતન ચુકવવામાં આવશે અને મહત્તમ માસિક વેતન માટેની પણ મર્યાદા નિયત કરવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષણમાં તાસ દીઠ માનદ વેતન રૂ. ૮૫ નિયત કરવામાં આવેલ છે. માધ્યમિક શિક્ષણમાં તાસ દીઠ માનદ વેતન રૂ. ૧૩૫ નિયત કરવામાં આવેલ છે. જ્યારે ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં તાસ દીઠ રૂ. ૧૪૦ નિયત કરવામાં આવેલ છે.

આ પ્રવાસી શિક્ષકોને મહત્તમ ૬ તાસ દૈનિક લેવાના રહેશે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે, પ્રાથમિક શિક્ષણમાં તાસ પદ્ધતિ ન હોઈ ત્યાં મહત્તમ દૈનિક વેતન રૂ. ૫૧૦ રહેશે. પ્રાથમિક શિક્ષણમાં ઉચ્ચક માસિક મહત્તમ વેતનની મર્યાદા રૂ. ૧૦,૫૦૦ નિયત કરવામાં આવી છે.

માધ્યમિક શિક્ષણમાં ઉચ્ચક માસિક મહત્તમ વેતનની મર્યાદા ૧૬૫૦૦ નિયત કરવામાં આવી છે. જ્યારે ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં માસિક મહત્તમ વેતન મર્યાદા રૂ. ૧૬,૭૦૦ ની નિયત કરવામાં આવી છે.

રાજ્યના શિક્ષણ જગતમાં પ્રવાસી શિક્ષકોના

● અનુસંધાન પાન-૭ પર

# ગિફ્ટ સીટીને જોડતા મુખ્યમાર્ગને ૬૦માંથી ૮૦ મીટર પહોળો કરાશે

**ધોળાકુવા લવારપુર નેશનલ હાઇવે તેમજ ગિફ્ટ સિટીથી આઇ ટી આઇ સુધીના બન્ને માર્ગ ૧૨ મીટર પહોળા કરવા સર્વિસ રોડ અનિવાર્ય**

ગાંધીનગર તા ૨૫

ગિફટ સીટીને જોડતા મુખ્યમાર્ગને ૬૦ મીટરમાંથી ૮૦ મીટર પહોળો કરવા માટે ગિફટ સીટીએ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળને દરખાસ્ત કરી છે. ગિફટ સીટી ફરતે વિવિધ ઝોન જાહેર કરાયા છે. જયારે દેશ વિદેશની મોટી કંપનીઓ પણ અહીં કાર્યરત થવાની છે ત્યારે આ વિસ્તારમાં હાઈટેક વિકાસની નવી રૂપરેખાને અનુલક્ષીને રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. જેને અનુલક્ષીને ટુંકમાં જ આ કાર્યયોજના આખરી કરાશે. અગાઉ મળેલી ગુડાની બોર્ડ બેઠક દરમિયાન પણ આ મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી.

ગીફટ સીટીને જોડતા મુખ્ય માર્ગને ૬૦ મીટરમાંથી ૮૦ મીટર પહોળો કરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. ગિફટ સીટી વિસ્તારમાં વિકાસના અનેકવિધ આયામો અન્વયે કામ હાથ ધરાયુ છે. જયારે આ વિસ્તારમાં અનેકવિધ ઈન્સ્ટિટયુટ પણ કાર્યરત છે. જેને અનુલક્ષીને પણ રોડ નેટવર્કને યોગ્ય કરવાની અનિવાર્યતા ઉભી થઇ છે. આ ઉપરાંત ધોળાકુવાથી લવારપુર અને ગિફટ સીટીથી આઈ આઈ ટી સુધીના બન્ને માર્ગ ૧૨ મીટર પહોળા કરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. ગિફટ સીટીએ આ મામલે ગુડાને દરખાસ્ત કરી છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પણ આ મામલે દુરગામી દ્રષ્ટિકોણ અપનાવી કામગીરી હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગુડા કક્ષાએથી મોટાભાગના પ્રોજેકટને અનુલક્ષી આગામી બે ત્રણ દાયકાના અંતે કેવી સ્થિતિ હશે તેનો પણ વિચાર કરીને જરૂરિયાતો કેવી ઉભી થશે તેને કેન્દ્રસ્થાને રાખી માળખાગત સુવિધાના કામો પણ હાથ ધરવામાં આવે છે. ગિફટ સીટીના પ્રોજેકટને અનુલક્ષી આનુસંગિક બાબતો પ્રત્યે પણ તેટલી જ ગંભીરતા દાખવવામાં આવી રહી છે. આગામી દિવસોમાં મેટ્રો રેલ પ્રોજેકટ અન્વયે ટ્રેન પણ દોડતી થશે જેનેધ્યાનમાં રાખી રોડ નેટવર્ક અપગ્રેડ કરવામાં આવશે. ગિફટ સીટીમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની દિગ્ગજ કંપનીઓ રસ દાખવે છે. ત્યારે આ

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર મહાનગરપાલિકા અને સી. એન. ફાઈન આર્ટ કોલેજના સયુંકત ઉપક્રમે સ્વરછ સર્વેક્ષણ- ૨૦૨૨ અંતર્ગત સ્વચ્છતા અંગે જાગૃતિ આપતા ચિત્રો ગુજરાત સ્ટેટ હેન્ડલુમ અને હેન્ડીક્રાફટ ડેવેલોપમેન્ટ કોર્પોરેશન (GSH&HDC), સેક્ટર-૧ ઉની કમ્પાઉન્ડ વોલ ખાતે પેન્ટીંગ કરવામાં આવ્યા હતા. સ્વરછ ભારત અભિયાન અંતર્ગત પ્રદુષણથી મુક્તિ, કુદરતી સંપદાને બચાવવા તથા સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં અંગે જાગૃતિ આપતા વિવિધ વિષયોને આવરી લઈને સ્પર્ધકો દ્વારા ભીંત ચિત્રો દોરવામાં આવ્યા હતા. સી. એન. ફાઈન આર્ટ કોલેજ, અમદાવાદના ૩૬ જેટલા વિદ્યાર્થીઓએ સવારના ૯:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી GSH&HDCની કમ્પાઉન્ડ વોલ પર સ્વચ્છતાના સંદેશો આપતા સુંદર ચિત્રો દોર્યા હતાં. આ માર્ગ પર આવતા જતા લોકો માટે આ ચિત્રો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

# વાયબ્રન્ટ સમિટ પહેલાં ઉદ્યોગોને જમીન આપવાના નિર્ણયમાં ઝડપ કરવા આદેશ બહાર પડાયા

**જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં જ્યારે દરખાસ્ત કરવામાં આવે તે પછીના ૧૨૦ દિવસમાં કલેક્ટરે અરજદારને જમીન સોંપવી પડશે**

ગાંધીનગર તા ૨૫

ગુજરાતમાં ૧૦મી વાયબ્રન્ટ સમિટ ૧૦ થી ૧૨મી જાન્યુઆરી દરમ્યાન યોજાવાની છે ત્યારે રાજ્યના મહેસૂલ વિભાગે ઉદ્યોગોને લીઝ કે ભાડાપટ્ટે જમીન આપવાના નિર્ણયમાં ઝડપ કરવા માટે એક આદેશ જાહેર કર્યો છે, જેમાં જમીન માગનારા ઉદ્યોગજૂથોને હવે માત્ર ૧૨૦ દિવસની અંદર જમીન મળી જશે કે નહીં તેનો ચૂકાદો જિલ્લા કલેક્ટરે આપવાનો રહેશે.

રાજ્યમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં ઉદ્યોગજૂથો જમીનની માગણી કરતા હોય છે અને પછી તે ફાઈલ મહેસૂલમાં જતી હોય છે. મોટાભાગના કિસ્સાઓમાં ઉદ્યોગજૂથોને જમીન આપવાનો નિર્ણય તો થઈ ચૂક્યો હોય છે પરંતુ મહેસૂલની જટીલ પ્રક્રિયામાં ઉદ્યોગજૂથો અટવાઈ જતા હોય છે અને દરખાસ્તના બે વર્ષ પછી પણ જમીન મળતી નથી. જો કે સરકારી પડતર જમીન માટે આ આદેશ કરવામાં આવ્યા છે. જંગલની જમીન કે ગૌચરની જમીન અંગે હજી પણ ઉદ્યોગજૂથોને વિલંબનો સામનો કરવો પડી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# આવાસ સમિતિની બેઠકના અભાવે ૭૫૦ અરજીઓ છેલ્લા ૬ મહીનાથી પેન્ડીંગ

**નિવૃતિ અને અવસાનના કિસ્સામાં મુદત લંબાવવા સહીત અગ્રતાના ધોરણે આવાસ મેળવવા માટેની અરજીનો પણ નિકાલ આવતો નથી**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જોખમી અને જર્જરિત આવાસોના લીધે કર્મચારીઓને આવાસ ફાળવવાની પ્રક્રીયા વિલંબમાં પડી છે. જેના લીધે તંત્રના ચોપડે અંદાજિત ૪૫૦૦ જેટલી અરજીઓ પેન્ડીંગ છે. જયારે આવાસ સમિતિની બેઠક પણ મળતી નથી જેના લીધે નિવૃતિ અને અવસાનના કિસ્સામાં મુદત લંબાવવા સહીત અગ્રતાના ધોરણે આવાસ ફાળવવા સહીતની અંદાજિત ૭૫૦ જેટલી અરજીઓનો પણ લાંબા સમયથી નિકાલ થયો નથી.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો દાયકાઓના અંતે રહેણાંકને લાયક રહ્યા નથી જોખમી અને ખંડેર બનતા આવાસો હવે તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. જયારે જુના અને જર્જરિત આવાસો તોડીને જગ્યા ખુલ્લી થતા નવા આવાસો બાંધવા માટે પણ પ્લાનીંગ કરવામાં આવી રહ્યુ છે. અત્યાર સુધી સે--૬, ૭ સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા બાદ સુવિધાયુક્ત આવાસોમાં કર્મચારીઓના પરિવારોનો પણ વસવાટ છે. સે-૬ માં વધુ આવાસોનુ નિર્માણ કરવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. બીજીતરફ શહેરમાં સ્થિત સરકારી

● અનુસંધાન પાન-૭ પર

જય સુંધા ચામુંડા માતાય નમઃ ૧૦૦% શુધ્ધ કચરીયું Since 1995 જય શ્રી સ્વામિનારાયણ
ધવલભાઈ Mo. 90332 74004
શ્રી ચામુંડા તેલ ઘાણી
વિસનગરવાળા (જુના અને જાણીતા)
સ્પેશ્યલ સફેદ તથા કાળા તલનું કચરીયું, તલનું તેલ, ગોળ, ચીકી, તલ, માવા, સીંગ, કેટબરી, કોપરા, દાળીયા, ખજુર, ગઝક, લસણની ચટણી, સુંઠ, ગંઠોડા, કાજુ-બદામ હોલસેલ તથા છુટક ભાવે મળશે.
રમેશભાઈ મોદી Mo. 97149 98514 બચુભાઈ મોદી
કચરીયું બનાવી આપનાર અને વેચનાર સ્પેશ્યલ ઈમ્યુનિટી બુસ્ટ કચરીયું મળશે.
પાન્ડવ કોમ્પલેક્ષ, માણસા નાગરિક બેંકની સામે, સ્ટુડન્ટ સ્ટેશનરીની બાજુમાં, ઘ-૬ નજીક, સેક્ટર-૨૯, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com